# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

SGCCI

(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),

" સમૃધ્ધિ", ૪થો માળ, મક્કાઈ પુલ, નાનપુરા, સુરત – ૩૯૫ ૦૦૧

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in

રેફ નં.

તા: ૨૦/૧૧/૨૦૧૯

તંત્રીશ્રી, ______________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.

આપનો વિશ્વાસુ,

(ખાતાકીય વડા)

---

## સીજીએસટી બરોડાના ચીફ કમિશનર સમક્ષ ચેમ્બરની આઇટીસી, રીટર્ન, રીફંડ, ઓડીટ અને ઇવે બીલ અંગે અસરકારક રજૂઆત

સુરત : ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીની અખબાર યાદીમાં જણાવવામાં આવે છે કે, સીજીએસટી બરોડાના ચીફ કમિશનર શ્રી અશોક મહેતાના આમંત્રણને માન આપીને ચેમ્બરના એક પ્રતિનિધિ મંડળે ચેમ્બરના ઉપપ્રમુખ શ્રી દિનેશ નાવડીયાની આગેવાની હેઠળ બુધવારે, તા. ૨૦ નવેમ્બર ૨૦૧૯ના રોજ સીજીએસટી બરોડાના ચીફ કમિશનર શ્રી અશોક મહેતા અને પ્રિન્સીપલ કમિશનર સુશ્રી રેશમાબેન લાખાણી સાથે મુલાકાત કરી હતી. શ્રી અશોક મહેતાએ ચેમ્બરના પ્રતિનિધી મંડળને આવકાર આપ્યો હતો તેમજ સબકા વિશ્વાસ સ્કીમ વિગેરેની પ્રાસંગિક માહિતીઓ આપી ટ્રેડ એન્ડ ઇન્ડસ્ટ્રીના પ્રશ્નોને આવકાર્યા હતા. જેના અનુસંધાને ચેમ્બરે તેમની સમક્ષ ઇન્ડસ્ટ્રીને સતાવતા આઇટીસી, રીટર્ન, રીફંડ, ઓડીટ અને ઇવે બીલ વિશે અસરકારક રજૂઆત કરી હતી.

ચેમ્બરના પ્રતિનિધી મંડળમાં ચેમ્બરના ભુતપુર્વ પ્રમુખ તેમજ ફીયાસ્વીના ચેરમેન શ્રી ભરત ગાંધી, ચેમ્બરના રિપ્રેઝન્ટેશન સેલના કન્વીનર સીએ મિતિષ મોદી, જીએસટી કમિટીના એડવાઇઝર સીએ કિશોરચંદ્ર ઘીવાલા અને ચેમ્બરની ટેક્ષ્ટાઇલ (વિવિંગ, નીટિંગ અને યાર્ન) કમિટીના ચેરમેન તેમજ પાંડેસરા વિવર્સ એસોસિએશનના પ્રમુખ શ્રી આશિષ ગુજરાતી, સુરત ડાયમંડ એસોસિએશનના પ્રમુખ શ્રી બાબુભાઇ કથિરીયા અને સેક્રેટરી શ્રી બાબુભાઇ વીડીયા વિગેરેએ ચર્ચામાં ભાગ લીધો હતો.

ચેમ્બરના પ્રતિનિધી મંડળ દ્વારા એવી રજૂઆત કરવામાં આવી હતી કે, તાજેતરમાં સરકારે આઇટીસી અંગે જીએસટીઆર ટુએમાં દેખાતી આઇટીસી વત્તા તેના ૨૦ ટકા જેટલી જ આઇટીસી આપવા જે જોગવાઇ કરી છે તે વેપાર ઉદ્યોગ માટે મરણતોલ ઘા હોઇ તે રદ કરીને વેપારીઓના હિસાબી ચોપડા પ્રમાણેની આઇટીસી મંજૂર રાખવામાં આવે તેવી રજૂઆત કરી હતી. જીએસટીના અમલીકરણને બે વર્ષ થવા છતાં સર્વર ધીમુ ચાલતુ હોવાથી રીટર્ન ફાઇલ કરવામાં વેપારીઓને ઘણી મુશ્કેલી પડી રહી છે. આથી સર્વર વ્યવસ્થિત ચાલે તેવી વ્યવસ્થા ઉભી કરવા માટે રજૂઆત કરવામાં આવી હતી. આઇટીસી ૦૪ ઘણો ગુંચવાડાવાળો અને અવ્યવહારુ હોઇ તેમાંથી ટેક્ષ્ટાઇલ, ડાયમંડ અને જરી ઉદ્યોગને માફી અપાવવા માટે રજૂઆત કરી હતી.

આ ઉપરાંત તા. ૧/૪/૨૦૨૦થી રીટર્ન માટેની નવી સિસ્ટમ અમલમાં આવવાની છે. પરંતુ આ સિસ્ટમ અવ્યવહારુ હોવાથી તેને લાગુ નહી કરવા તથા ગુજરાત અને મહારાષ્ટ્રના વેટમોડલ અપનાવવા માટે રજૂઆત કરવામાં આવી હતી. ડાયમંડ ઉદ્યોગમાં ઇન્વર્ટેડ ડયુટી સ્ટ્રકચરને કારણે જમા થઇ રહેલી આઇટીસીનું રીફંડ આપવાની જોગવાઇ કરાવવા રજૂઆત કરી હતી. તેમજ ગુજરાત હાઇકોર્ટના ચૂકાદાનો અમલ કરીને વિવર્સોને એકયુમ્યુલેટેડ આઇટીસીનું તાકીદે રીફંડ આપવા રજૂઆત કરવામાં આવી હતી. જીએસટીમાં દર મહિને રીટર્ન ભરવાને બદલે ઇન્કમ ટેક્ષમાં એડહોક ટેક્ષ ભરાવવામાં આવે છે તે જ પ્રમાણે જીએસટીમાં પણ દર મહિને એડહોક ધોરણે ટેક્ષ ભરવાની જોગવાઇ કરી ત્રણ મહિને અથવા છ મહિને રીટર્ન ભરવાની વ્યવસ્થા ઉભી કરવા માટે રજૂઆત કરવામાં આવી હતી.

ચેમ્બર દ્વારા કરવામાં આવેલી રજૂઆતો અંગે સીજીએસટી બરોડાના ચીફ કમિશનર શ્રી અશોક મહેતાએ વિવિધ પ્રશ્નોના નિરાકરણ માટે હૈયાધરપત આપી હતી. સાથે જ બધી રજૂઆતો જીએસટી કાઉન્સીલ અને લીગલ કમિટીને મોકલી આપીશુ તેમ જણાવ્યુ હતુ. તેમણે સબકા વિશ્વાસ સ્કીમ અંગે ચર્ચા કરી હતી અને તા. ૩૧/૧૨/૨૦૧૯ના રોજ આ સ્કીમ પુરી થતી હોવાથી ટ્રેડ એન્ડ ઇન્ડસ્ટ્રીના લોકો આ સ્કીમનો મહત્તમ લાભ લે તે માટે સર્વેને અનુરોધ કર્યો હતો.